# કોઈપણ જાતની અફવાથી દોરાઈને ભયભીત નહીં બનવા જિલ્લા કલેક્ટરનો અનુરોધ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા થોડા દિવસો દરમ્યાન કથિત ચોરલુંટારુ અને અન્ય પ્રકારે લોકોમાં ભય ડરનો માહોલ ઉભી કરતી અફવાને કારણે સર્જાયેલી પરિસ્થિત પર ગૃહ વિભાગ, જિલ્લા પોલીસ તંત્ર, વહીવટી તંત્ર સતત જાગૃતિ અને સતર્કતા દાખવીને ચુસ્ત કાર્યવાહી કરી રહ્યાં છે. લોકોમાં કોઈપણ પ્રકારે ભય ન ફેલાયે, નિશ્ચિંતતાથી પોતાના કામ કરી શકે, જિલ્લામાં કાયદો વ્યવસ્થા, સલામતીના વાતાવરણથી પ્રતીતિ થાય તેવા સઘન પગલાં લેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા થોડાક દિવસથી અમુક વિસ્તારમાં કથિત ચોરોના આતંકની બૂમરાણને પગલે ચોર લુંટારું જેવા તત્વો વિશેની અફવાથી દૂર રહેવા, આવી ખોટી અફવાઓ ન ફેલાવવા અને કાયદો હાથમાં ન લેવા જિલ્લાવાસીઓને જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે અનુરોધ કર્યો છે.

સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા તમામ લોકોને કોઈ પણ કિલપિંગ કે ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર મળે તો તેને વધુ જગ્યાએ ન મોકલવા પણ ભાર પૂર્વક જણાવ્યું છે. સોશિયલ મીડિયા, વાત ચીત કે અન્ય રીતે અફવા ફેલાવવા મથતા લોકો સામે આઈ.પી.સીની કલમ ૫૦૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું.

જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું હતું કે, સર્વે જિલ્લાવાસીઓને સાચી વાતથી વાકેફ કરવા માટે પોલીસ તંત્ર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોક દરબાર અને અન્ય માઘ્યમ થકી સાચી વાતથી વાકેફ કરવામાં આવી રહ્યાં છે. જેના થકી આજે ગામડાઓમાં નિયમિત રાત્રે એકઠા થતાં ગ્રામજનોની સંખ્યા ઘટી છે. લોકોને સાચી વાતનો ખ્યાલ આવતા તેઓ નિરાંતે રાતે સૂઈ રહ્યાં છે. તે ઉપરાંત પોલીસ તંત્ર દ્વારા આવી અફવા ફેલાવીને મજા લૂંટતા અને ભયનો માહોલ ઉભો કરવા મથતા લોકોને શોધવા માટે આઈ.બી અને ખાસ ટીમ કામે લગાવવામાં આવી રહી છે. તેની સાથે નગરજનોને અફવાથી દૂર રહેવાનો અનુરોધ કર્યો છે. આ પરિસ્થિતિમાં મીડિયાએ બજાવેલ સકારાત્મક ભૂમિકાની પણ પ્રસંશા કરી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી વી.જી.કાલરિયા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી રાકેશભાઈ વ્યાસ અને મોટી સંખ્યામાં પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



સેક્ટર-૨ ૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે આજે ઈન્ટેલ સાયન્સફેર ઓરીએન્ટેશન વર્કશોપ યોજાયો હતો. વર્કશોપમાં તજજ્ઞો દ્વારા ઈન્ટેલ સાયન્સ ફેર શું છે ? સહિતની માહિતી આપવામાં આવી છે. જેમાં શહેરની શાળાઓના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મનપાના આરોગ્ય વિભાગ દ્વારા આદીવાડા ખાતે સાસુ સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા.૪

વિશ્વ વસ્તી દિન નિમિતે અનેકવિધ કાર્યક્રમો યોજાશે.ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશન દ્વારા પણ વસ્તી ઘટાડા સંદર્ભે ગુરુ શિબીર,નિબંધ સ્પર્ધા,વકુત્વ સ્પર્ધા,સાસુ સંમેલન અને લાયક દંપતી મીટીંગ સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.જેમાં મ્યુનિ.આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં આદીવાડા વિસ્તારમાં સાસુ સંમેલન યોજવામાં આવ્યું હતું.જયારે આજે સેકટર ૨૪ માં નિબંધ સ્પર્ધા તથા ધોળાકુવા ખાતે ગુરુ શિબીર યોજવામાં આવી હતી.

વિશ્વના વિભિન્ન દેશોમાં વસ્તી વિસ્ફોટના પગલે બેરોજગારી,ગીચતા અને પ્રદુષણ સહિતની સમસ્યાઓ ઘેરી બની છે ત્યારે આગામી ૧૧મી જુલાઈ ના રોજ વિશ્વ વસ્તી દિન ની ઉજવણી સાથે વસ્તી ઘટાડા ના પ્રયાસો રૂપે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્યવિભાગ દ્વારા ૨૭ જુન થી ૧૦ જુલાઈ ૨૦૧૫ સુધી જનજાગૃતિ ના વિવિધ કાર્યક્રમો યોજવા કવાયત હાથ ધરવામાં આવી છે.આ કાર્યક્રમો અંતર્ગત ગત તારીખ ૩ જુલાઈ ના રોજ સેકટર ૨૯ ના અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર દ્વારા આદીવાડા ખાતે સાસુ સંમેલન યોજવામાં આવ્યું હતું.જેમાં મ્યુનિ. આરોગ્ય અધિકારીશ્રી,સીપીસી અને હેલ્થ સેન્ટર ના તબીબી અધિકારીશ્રી દ્વારા નાના કુટુંબના ફાયદા અને આ માટે ના જરૂરી પગલા,પ્રથમ બાળક લગ્ન ના ત્રણ વર્ષ પછી,બે બાળકો વચ્ચે ઓછા માં ઓછો ત્રણ વર્ષ નો ગાળો તથા દીકરાદીકરી વચ્ચે ભેદ ના રાખવો સહિત ની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.ઉપરાંત ૩૦ વર્ષ થી વધુની ઉમરના બહેનો નું ડાયાબીટીસ સ્ક્રીનિગ કરવામાં આવ્યું હતું.તેમજ સ્તન કેન્સર તથા ગર્ભાશયના મુખ ના કેન્સર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.દરમિયાન આ પ્રસંગે પુત્રઘેલછા,અજ્ઞાનતા,ખોટી માન્યતા અને શિક્ષણના અભાવ જેવા વસ્તી વધારાના કારણો અંગે પણ ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

# સુઘડ પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાન ખાતે નિર્મળ દૂતોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના સુઘડ ગામે પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાન દ્વારા શ્રેષ્ઠ નિર્મળ દૂતોનો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આઈએએસ અધિકારી ડૉ. જયંતિ રવિ સહિત નિષ્ણાતો અધિકારીઓએ ઉપસ્થિત રહી સ્વચ્છતા દૂત અંગે તાલીમ-માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં મદદનીશ કમિશનર જી.ડી. રાઠોડે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ત્યારબાદ વડોદરા જિલ્લાના કો-ઓર્ડિનેટર રૂપા ગોહિલ અને અમદાવાદના એસ.આઈઆઈડી ફેકલ્ટી અનિલભાઈ દ્વારા નિર્મળ દૂતોના ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપ્યા હતા. વર્કશોપના અંતમાં નિર્મળ દૂતોની જૂથ ચર્ચા યોજાઈ હતી અને તેમના અભિપ્રાયો પણ જાણવામાં આવ્યા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. બપોર પછીના સેશનમાં સુઘડ ઈએસઆઈના તાલીમ સંયોજક દેવેન્દ્રભાઈ પારેખના વ્યક્તવ્ય બાદ ગ્રામવિકાસ ખાતાના કમિશનર સચિવ આઈએએસ અધિકારી ડૉ. જયંતિ રવિએ ખૂબજ ઊંડાણપૂર્વકની સમજુતી પુરી પાડી હતી. ત્યારબાદ વૉશ કન્સલટન્ટ લક્ષમીરાજને વિશેષ

અત્રે ઉલ્લેખનીય છે કે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત ભારત સરકાર દ્વારા ગામેગામ દરેક ઘરમાં શૌચાલયનું નિર્માણ કરવા સઘન પ્રયત્નો હાથ ધરાયાં છે તે અંતર્ગત સુઘડ ખાતે આજે નિર્ણળ દૂતોનો આ વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

# નગરમાંથી અધિક અષાઢ નિમિત્તે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ હરિદ્વારની યાત્રાએ

## હરિદ્વાર ખાતે પવિત્ર પુરુષોત્તમ માસમાં કથા રસપાન તથા અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓનું થતું આયોજન

ગાંધીનગર, તા.૪

દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે અને આ માસ પુરુષોત્તમ ભગવાનનો ગણાય છે જેથી શ્રધ્ધાથી ભકિત કરનારના સર્વ પાપનો ક્ષય થાય છે. આવા પવિત્ર અધિક અષાઢ માસમાં પ્રભુ ભકિતનો પુર્ણ લાભ લેવા નગરમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ હરિદ્વારનો પ્રવાસ કર્યો છે જો કે રાજયભરમાંથી પણ ધાર્મિકજનોએ આ પવિત્ર સ્થળની મુલાકાત લીધી છે જેથી હરિદ્વારમાં હાલ ગુજરાતીઓ વધુ સંખ્યામાં જોવા મળી રહ્યા છે. ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમા હરિદ્વારમાં કથાઓ તથા અનેક વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ આ પવિત્ર માસ દરમિયાન થઈ રહી છે જેથી શ્રધ્ધાળુઓ તક ચુકયા વગર ભકિતમાં લીન બનવા હરિદ્વારના દર્શને પહોંચે છે.

ભગવાન વિષ્ણુ એ જ અધિક માસને પોતાનું પુરુષોત્તમ નામ આપ્યું છે. ભગવાન વિષ્ણુ સાકાર સ્વરૂપે વિહાર કરીને સૌ ઉપાસકોના દુઃખ દર્દ કરે છે. શંક, ચક્ર, ગદા, પદ્મ, મુગટ ધારી ભગવન પુરુષોત્તમની અધિક માસ દરમિયાન કરેલ ભકિત અને ભજન ભકતને મોક્ષ અપાવે છે તેથી જ આ પવિત્ર માસ દરમિયાન રાજયભરમાંથી ભકતજનો હરિદ્વાર જઈ પૂર્ણ ભકિતમાં લીન બને છે. રાજયના પાટનગર ગાંધીનગરમાંથી અનેક ધર્મજનો પ્રભુના દ્વાર એવા હરિદ્વારના દર્શને પહોંચીને ધાર્મિક પ્રવૃત્તિઓથી તરબોળ બની રહ્યા છે. નગરમાંથી દૈનિક લકઝરી બસો, ખાનગી વાહનો તથા રેલવેમાં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે જો કે એક માસના આ પવિત્ર સમય દરમિયાન સાત દિવસના કથા અમૃત માટે વિવિધ તબક્કે ભકતોએ લાભ મેળવ્યાના સમાચાર સાંપડયા છે. હરિદ્વારમાં અષાઢી, અધિક માસ નિમિત્તે ગુજરાતમાંથી જ ગયેલા કેટલાક કથાકારો, સંતો, ધર્મગુરુઓ વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે તો કેટલાક શ્રધ્ધાળુ પોતાના ખર્ચે ધર્મની આસ્થાવાળા લોકોને આ પવિત્ર સ્થળે લઈ જઈ પુણ્ય મેળવવાનું કામ કરે છે.

હરિદ્વારમાં આ પવિત્રમાસ દરમિયાન ઠાકોરજીના ભાત ભાતના હિંડોળા થાય છે અને હિંડોળા ઉત્સવ તરીકે વૈષ્ણવ મંદિરોમાં ઉજવાય છે. જેથી નગરમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવો પણ હરિદ્વારમાં જોવા મળી રહ્યા છે. હરિદ્વારમાં અધિક માસ દરમિયાન કથા અમૃત પાન તથા વિવિધ દર્શને જઈ આવેલા ભકતજનોનો હરખ સમાતો નથી અને તેથી જ અન્ય શ્રધ્ધાળુઓ પણ હરિદ્વાર જઈ પ્રભુ ભકિતમાં તરબોળ થવા તત્પર બન્યા છે જેથી હાલ સમગ્ર માહોલ અધિક અષાઢના પવિત્ર માસમાં પુણ્ય મેળવી લેવાનો ઉભો થયો છે.

# ગાંધીનગરમાં ડિઝીટલ ઈન્ડિયા પ્રોગ્રામ

ગાંધીનગર, તા.૪

છઠ્ઠી જુલાઈના દિવસે નવીન ઈ-ગવર્નન્સ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવનાર છે. આ દિવસે કેન્દ્ર સરકાર દ્વારા ઉજવાઈ રહેલા ડિઝીટલ ઈન્ડિયાના કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવે તેવી શક્યતા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ગાંધીનગરમાં હાલ ઉજવાઈ રહેલા કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાશે. સાયન્સ ટેકનોલોજી વિભાગની યાદીમાં જણાવાયું છે યાદીમાં વધુમાં જણાવાયાનુસાર ૬ જુલાઈ-૨૦૧૫ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે યોજાનાર કાર્યક્રમમાં રાજયકક્ષાના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી ગોવિંદભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં નવીન ઈ-ગવર્નન્સ એપ્લીકેશનનું લોન્ચીંગ અને ડિજિટલ ઈન્ડીયા કાર્યક્રમના સ્તંભો ઉપર ચર્ચા વિચારણા હાથ ધરાશે અને સાંજે રેડિયો વન અને ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા ડિજીટલ ગુજરાત અને સાયબર સિકયોરીટી વિશેન રેડિયો ચર્ચાઓ પણ પ્રસારીત થશે. દેશમાં ડિજીટલ સશક્ત સમાજ અને જ્ઞાન અર્થતંત્રમાં રૂપાંતરિત કરવાના આશયથી ભારત સરકાર દ્વારા ડિજીટલ ઈન્ડીયા કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશમાં ૧લી જુલાઈ ૨૦૧૫પથી ૬ જુલાઈ-૨૦૧૫ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાઈ રહ્યું છે. ગુજરાતમાં પણ રાજય સરકાર દ્વારા જિલ્લા અને તાલુકા સ્તરે વિવિધ કાર્યક્રમો તથા જનજાગૃત્તિ અભિયાનો યોજીને ડિજીટલ ઈન્ડિયાના લક્ષ્યાંકો પુરા કરાશે. સમગ્ર સપ્તાહ દરમિયાન કવીઝ, સ્કીનીગ્સનું જનસેવા કેન્દ્રો, આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે આયોજન કરાયું છે. ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે બાયસેગના નેટવર્ક મારફતે ડિજીટલ સાક્ષરતા કાર્યક્રમોનું પણ પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.

## ચિલોડામાં સાયન્સ કોલેજ આરંભાઈ

ચિલોડા મોટા ખાતે સાયન્સ કોલેજ શરૂ થવાથી આજુ બાજુના ગામડાના વિદ્યાર્થીઓમાં આનંદ વ્યાપી ગયો છે. ચિલોડા મોટા ખાતે આવેલ ઓમ એજયુકેશન સંકુલ ખાતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સાયન્સ કોલેજની મંજુરીની મહોર મારવામાં આવી છે. ચાલુ વર્ષથી દહેગામ, ચિલોડા, ચંદ્રાલા સહિતના ગામડાના વિદ્યાર્થીઓ આ કોલેજમાં પ્રવેશ મેળવી શકશે. ચિલોડા ખાતે સાયન્સ કોલેજ શરૂ થવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ હરખાયા છે.

## વસુધા ક્રેડીટ સોસાયટીની બેઠક મળશે

ધી વસુધા ક્રેડીટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લી. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૬-૭-૨૦૧૫નેરવિવારેબપોરે ૧.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫, સેક્ટર-૧૭ ખાતે મળશે. તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ પણ સાધારણ સભા પુરી થયા પછી યોજાશે. તેના ફોર્મ કાર્યાલયથી મેળવી તા. ૧૫-૭-૨૦૧૫ સુધીમાં પરત કરવા જણાવ્યુ છે.



સેકટર-૧ ૩ સરકારી શાળામાં લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને સોશિયલ એકટીવીટી ગૃપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને અબ્દુલ કલામના જીવન ચરિત્રને ફિલ્મ દ્વારા બતાવવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓનું કૌશલ્ય ખિલે તેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

# શાકભાજીના ભાવમાં તીવ્ર વધારો

ગાંધીનગર, તા.૪

અમદાવાદ સહિત રાજ્યમાં ફરી એકવાર વરસાદે બ્રેક મુકી દેતાં લોકો ભારે પરેશાન થયેલા છે. જુન મહિનાના અંતમાં અમદાવાદ સહિત રાજ્યભરમાં ભારે વરસાદ થયા બાદ છેલ્લા કેટલાક દિવસથી વરસાદમાં બ્રેક છે, જેથી ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આવી સ્થિતિમાં શાકભાજીના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. છેલ્લા એક મહિનાના ગાળામાં શાકભાજીના ભાવમાં ખૂબ વધારો થયો છે. જુન મહિનામાં સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ થયો હતો, જેના કારણે શાકભાજીના પાકને ભારે નુકશાન થયું છે. ત્યારબાદ ગરમીનો પારો દિનપ્રતિદિન વધી રહ્યો છે. આવી સ્થિતિમાં સ્થાનિક માર્કેટ યાર્ડમાં આવકની સામે માંગનું પ્રમાણ વધી જતાં છૂટક શાકભાજી બજારમાં તેજી આવી ગઈ છે. માર્કેટયાર્ડના હોલસેલ વેપારીઓના કહેવા મુજબ, જથ્થાબંધ બજારમાં મોટાભાગના શાકભાજીનો ભાવ ૨૦ કિલોનો ભાવ ૬૦૦થી ૯૦૦ની સપાટી સુધી પહોંચી ગયો છે. શાકભાજીના ભાવ કિલોમાં વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં જુદા-જુદા વિસ્તારમાં ભાવ જુદા-જુદા છે. ટૂંકાગાળામાં શાકભાજીના છૂટક ભાવમાં કિલો દીઠ ૧૦થી ૧૫ રૂપિયાનો વધારો થયો છે. આવી સ્થિતિમાં ઘણા લોકોના બજેટ પણ બગડી ગયા છે. એકબાજુ ભીંડાના ભાવ કિલોદીઠ ૭૦થી ૯૦ રૂપિયા પહોંચી ગયા છે. અમદાવાદ શહેરમાં છૂટક ભાવ વિસ્તાર પ્રમાણે જોવા મળે છે. પોશ વિસ્તારમાં શાકભાજીના ભાવ ખૂબ વધારે દેખાઈ રહ્યા છે. જ્યારે કેટલાક એવા વિસ્તાર પણ છે જ્યાં શાકભાજીના ભાવ પોશ વિસ્તારની સરખામણીમાં ઓછા દેખાઈ રહ્યા છે. પરંતુ સરેરાશ ભાવ ખૂબ ઉંચા હોવાની માહિતી સપાટી પર આવી છે.

## એમ.બી. પટેલ શાળાના વિદ્યાર્થીઓ પોસ્ટ ઓફિસની મુલાકાતે

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળાની ધો-૫ અને ૬ ની ૧૦૬ વિદ્યાર્થીનીએ સેકટર-૧૧ની જનરલ પોસ્ટ ઓફિસની ૩જી જુન શુક્રવારના રોજ મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં ઓફિસના કર્મચારી જયેશભાઈ પટેલ તથા અરવિંદભાઈ ભાવસાર દ્વારા પોસ્ટ ઓફિસની કામગીરી, પોસ્ટ વિતરણ, બચતપત્રો, સ્પીડપોસ્ટની સુંદર માહિતી આપી તથા દરેક વિદ્યાર્થીનીઓને ચોકલેટ અને પેન આપેલ. આ મુલાકાત દરમિયાન શાળાના શિક્ષક પ્રવિણભાઈ પટેલ તથા ઉપાસનાબેન પટેલ અને સુપરવાઈઝર ભગવતીબેન પટેલ એ વિદ્યાર્થીનીઓની સાથે રહી સતત તેઓને પ્રેરિત કર્યા હતા.

# અમદાવાદ જિલ્લામાં ૩૫ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ

## અમદાવાદ શહેરના કુલ ૨૫ અને ગ્રામ્ય વિસ્તારના ૧૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા : અહેવાલ

અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષાનું પરીણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં અમદાવાદ શેહેરનાં ૨૫ અને ગ્રામ્યનાં ૧૦ વિદ્યાર્થીઓ મળી કુલ ૩૫ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષા માટે અમદાવાદ શહેરમાંથી કુલ ૯૭૮૨ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૯૭૬૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જેમાં ૨૫ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ૪૯૫ વિદ્યાર્થીઓ એ-૨, ૮૫૨ વિદ્યાર્થીએ બી-૧, ૧૧૫ વિદ્યાર્થીઓ બી-૨, ૧૬૦૫ વિદ્યાર્થીઓ સી-૧, ૨૧૪૨ વિદ્યાર્થીઓ સી-૨, ૧૬૩૮ વિદ્યાર્થીઓ ડી, ૧૭૭૮ વિદ્યાર્થીઓ ઈ-૧ અને ૧૦૨ વિદ્યાર્થીઓ ઈ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ૨૪ વિદ્યાર્થીઓનું પરીણામ નીલ રાખવામાં આવ્યું છે.

જ્યારે અમદાવાદ ગ્રામ્યમાંથી કુલ ૬૧૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જે પૈકી ૬૦૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧૦ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ૨૦૩ વિદ્યાર્થીઓ એ-૨, ૪૮૪ વિદ્યાર્થીઓ બી-૧, ૭૪૬ વિદ્યાર્થીઓ બી-૨,૯૯૬ વિદ્યાર્થી સી-૧,૧૦૮૪ વિદ્યાર્થીઓ ડી, ૧૧૧૧ વિદ્યાર્થીઓ ઈ-૧ અને ૪૫ વિદ્યાર્થીઓ ઈ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. તો ૪૩ વિદ્યાર્થીઓનું પરીણામ નીલ રાખવામાં આવ્યા છે.

# પર્વતીય વિસ્તારના દુર્લભ વાંસ પાટનગરની શોભા બન્યા

## પતંગ, નનામી, તીરકામઠા બનાવવા સહિત અનેક રીતે ઉપયોગી વાંસ ચ-૬ કોર્નર પાસે આકર્ષણ બન્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં બહુ જ ઓછા સ્થળે જોવા મળતા વાંસ ચ-૬ના ખુણામાં મોટા પાયે ફુલીફાલીને નગરજનોનું આકર્ષણ બન્યા છે. શહેરી વિસ્તારોમાં ઓછા પ્રમાણમાં જોવા મળતી આ વાંસની જાતિ નગરના આ ખુણે પર્વતીય વિસ્તારોની યાદો તાજી કરાવી રહી છે. મોટી માત્રામાં ઉછેરેલા આ વાંસ પરિપક્વ બની ગયેલ છે. વન વિભાગ તેનો સમયસર ઉયોગ કરી લે તે ઈચ્છનીય બન્યું છે.

પર્વતીય વિસ્તારો તેમજ ખડતાલ જમીનમાં મોટા પાયે ઉત્પન્ન થતાં વાંસ હાલમાં ગાંધીનગરના એક ખુણે શોભા બન્યા છે. ડાંગ, પંચમહાલ તેમજ અરવલ્લીના વિસ્તારોમાં ખુબ જ પ્રમાણમાં વાંસની ખેતી થાય છે તેમજ આ વાંસ ઓછા પાણીએ ઝડપથી વિકસે છે.



શરૂઆતમાં ધીમે ધીમે ઉછેરતો આ વાંસ પછીથી એકદમ ઝડપથી પુર્ણતા વિકસવામાં સફળ બને છે. વાંસને છોડ કે વૃક્ષ કહેવાતો નથી પરંતુ ક્ષુપ ગણાય છે. ગાંધીનગરમાં હાલ ચ-૬ના ખુણામાં મોટી સખ્યામાં પુર્ણ પણે વિકસતી વાંસ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. વધુમાં નગરના ઓછા સ્થળોએ ઓછી સંખ્યામાં આ વાંસ જોવા મળે છે. પરંતુ વિવિધ જાતના વાંસ હોય છે જેની ગણતરી પણ સંભવત અશકય હોય છે.

વાંસનો માનવ જીવનમાં ઘણો ઉપયોગ થઈ રહ્યો છે. જેમાં ગરીબો ઝુંપડા બનાવવા, બિલ્ડીંગ કોન્ટ્રાકટરો મકાન બાંધકામમાં સહારો બનાવવા, લાઠી બનાવવા, પતંગ બનાવવા, ટોપલા-ટોપલી, છાબડી, ફુલદાની બનાવવા, આદિવાસીઓ તીરકામઠાં બનાવવા, દિવાલની શોભામાં, ઘર સજાવટમાં તથા ગ્રામ્ય વિસ્તારોમાં નનામી બાંધવામાં ઉપયોગ થાય છે. રાજયભરમાં હરિયાળા પાટનગર તરીકે નામના મેળવેલ ગાંધીનગરને પોતાની આગોશમાં અનેક વૃક્ષોને ઉછેર્યા છે. જેમાં કેટલાક દુર્લભ વૃક્ષ પણ છે જેમાં શહેરની મધ્યે ઉછરેલા વાંસ એ પણ આ નગરની શાન બન્યા છે. વિવિધ રીતે ઉપયોગી એવા આ વાંસ સંલગ્ન તંત્રએ તેની પરિપકવતાએ ઉપયોગમાં લઈ લેવા અનિવાર્ય બન્યા હોય તેવું દશ્ય હાલ ચ-૬ના ખુણામાં સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

## ચક્ષુદાન લેવામાં આવ્યુ

સેક્ટર-૨૧ સ્થિત નારણભાઈ પ્રજાપતિના ધર્મપત્નિ મંજુબેનનું ગત ૨ જુલાઈના રોજ અવસાન થવા પામ્યું છે. સ્વર્ગસ્થના કુટુંબીજન નારણભાઈની મંજુરીથી મૃતકના ચક્ષુઓનું દાન જુસિકા દ્વારા લેવામાં આવ્યું છે. સેવાકીય કાર્યમાં ડૉ. મીત મસરા, જુસિકાના અશોક સોમાણી, રણજીત પાંડવે સેવા આપી હતી.